# સ્નેહ સંકુલ ની સફર

## ( સામાજીક ઉત્થાન ના પથ પર )

## ૧૯૯૫ થી ૨૦૨૫






The mahyavanshi, success story of society

## શ્રી માહ્યાવંશી સિનીયર સિટીઝન કલબ, સુરત.

(સ્થાપના : ૮ એપ્રિલ, ૨૦૧૪)

કાર્યાલય : 37, પંચવટી સોસાયટી, રામનગર, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.

મોબાઈલ : 97279 52876

શિક્ષિત બનો | સંઘર્ષ કરો | સંગઠીત બનો

**:: કલબ પરિવાર ના હોદ્દેદારશ્રીઓ ::**

:: પ્રમુખ શ્રી બાબુભાઈ એન. ભેંસાણીયા ::

:: ઉપપ્રમુખ શ્રી નટવરભાઈ એમ. કોસાડીયા :: ઉપપ્રમુખ શ્રી ચંપકભાઈ એસ. સુરતી ::

:: મહામંત્રી શ્રી બળદેવભાઈ એમ. ભેંસાણીયા :: સહમંત્રી શ્રી સુરેશભાઈ ભારતી ::

:: ખજાનચી શ્રી નવિનભાઈ ટેન્કર ::

## શ્રી માહ્યાવંશી અર્બન કો ઓપ કેડિટ સોસાયટી લિ.

mahyavanshicredit.surat@gmail.com

### સભ્ય બનવાના ફાયદાઓ

### સભ્ય બનવા માટે જરૂરી પુરાવા

**સભ્ય ફી 2450/-**

સુરત જિલ્લા ના કોઈપણ માહ્યાવંશી સભ્ય બની શકે છે.

તો ચાલો, સભ્ય બની, બનાવી સમાજની કેડિટ સોસાયટી ને સહકાર આપીએ.

9824114295

9825191541

**ઉપપ્રમુખ**

શ્રી જયંતિભાઈ વાઘેલા - 9426157574

શ્રી મધુરભાઈ કોસંબીયા - 9825144291

શ્રી રમેશભાઈ ભુરેયા, ખજાનચી
9099001155

શ્રી અમિતભાઈ ચૌહાણ, સહ ખજાનચી
9909242324

શ્રી દિપકભાઈ કંથારિયા, આંતરિક અન્વેષક
9408790725

શ્રી જયેશભાઈ સોલંકી, સહ મંત્રી
9825905502

શ્રી બાબુભાઈ ભેંસાણિયા, માજી પ્રમુખ
9727952876

**ડિરેક્ટર્સ**

શ્રી નરેશભાઈ ઉમરાવ - 9824100431

શ્રી જયેશભાઈ કનાધિયા - 9825408802

શ્રી નરેશભાઈ વાઘેલા - 9825134528

શ્રી મનહરભાઈ સોલંકી - 9376248184

શ્રી હિતેશભાઈ ઉમરિયા - 9328588888

શ્રીમતી હેમાબેન સોલંકી - 9408254988

સભાસદ ને મળવા પાત્ર લાભ

રૂ. ૭૫,૦૦૦/- સુધી ડેથ બેનિફિટ

રૂ. ૫૦,૦૦૦/- સુધી ની મહત્તમ વ્યક્તિગત લોન

રૂ. ૧૫,૦૦૦/- સુધીની અનાજની લોન

સુરત જિલ્લાનાં માહ્યાવંશી સભાસદ બની શકે છે.

કુલ સભાસદ સંખ્યા 1200

**વધુ માહિતી માટે :**

નરેન્દ્રભાઈ સોલંકી (પ્રમુખ)
9824114295

શૈલેષભાઈ કોલાવાલા (માનદ મંત્રી)
9825191541



# Krunal

## COMPUTERS

## Krunal Kosadia

## +91 9099714559

Computer Printers & Networking Solution Provider
All Type Computers Sales & Service, Data Recovery

**Shop No. B-16, Suryanjali Residency, New Kosad Road, Amroli, Surat**

## TECHNOLOGIES BAZAAR

HOME SECURITY SYSTEMS



**MR.SUNNY PARMAR**
7622004006

- CCTV CAMERA
- VIDEO DOOR PHONE (VDP)
- SMART BOARD
- PROJECTOR & SCREEN
- SMART DOOR LOCK
- SMOKE DETECTOR FIRE ALARM
- Walkie Talkies
- INTERCOM SYSTEM
- GPS TRACKING SYSTEM
- FINGERPRINT ATTADANCE MACHINE
- FIRE EXTINGUISHER CYLINDER
- HOME AUTOMATION
- AUDIO SYSTEM
- BOOM BARRIER SYSTEM

**SHOP NO. 110 OM SHOPING CENTER NEAR PRIME MARKET ADAJAN SURAT-395005**

# "સ્નેહ સંકુલ"

## પ્રતિષ્ઠાન ટ્રસ્ટ

### ટ્રસ્ટી મંડળના સભ્યોની યાદી

શ્રી કાંતિભાઈ ગણેશભાઈ કંથારીયા
સ્વ. શ્રી ચીમનલાલ હીરજીભાઇ રાણા
શ્રી નરેશભાઈ સાકરલાલ ઉમરાવ
સ્વ. શ્રી જયંતભાઈ નગીનભાઈ અઠવીયા
શ્રી રતિલાલ નાનુભાઈ વાડીવાલા
શ્રી ડૉ. મહેશભાઈ ડાહ્યાભાઇ વાઘેલા
શ્રી ગણપતભાઈ ગોવિંદભાઇ પરમાર
શ્રી કિશોરભાઇ જેઠાભાઇ ચાસીયા
સ્વ. શ્રી પ્રકાશભાઈ મણીલાલ કંથારીયા
સ્વ. શ્રી કનુભાઈ મગનભાઇ મકવાણા

શ્રી જયંતિભાઈ બાલુભાઈ સુરતી
સ્વ. શ્રી નટવરલાલ મંછુભાઈ કોસંબિયા
શ્રી કંચનલાલ ગણેશભાઈ કંથારિયા
શ્રી વસંતભાઇ જીવણભાઇ કંથારીયા
સ્વ. શ્રી હસમુખભાઇ રતનજી ઉમરાવ
સ્વ. શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ મકવાણા
શ્રી જિતેન્દ્રભાઈ સાકરલાલ ઉમરાવ
સ્વ. શ્રી દિનેશભાઇ કેશવભાઈ રાઠોડ
સ્વ. શ્રી ધિરજભાઈ દલપતભાઈ ગોહિલ
શ્રી જયેશભાઈ ખંડુભાઇ ભેસાણીયા
શ્રી બિપિનભાઈ મોહનભાઇ વર્મા

### સંસ્થાના પ્રમુખશ્રીઓના નામ

| પ્રમુખનું નામ | | સમય |
|---|---|---|
| શ્રી કાંતિભાઈ જી. કંથારીયા | વેડ | ૧૧-૧૦-૧૯૯૭ થી ૦૯-૦૧-૨૦૦૦ |
| શ્રી કિશોરભાઇ જે. ચાસીયા | પાલનપુર રોડ | ૦૯-૦૧-૨૦૦૦ થી ૧૪-૧૦-૨૦૦૧ |
| ડૉ. મહેશભાઇ ડી. વાઘેલા | મુંબઈ | ૧૪-૧૦-૨૦૦૧ થી ૨૧-૦૩-૨૦૦૪ |
| શ્રી નરેન્દ્રભાઈ એમ. મકવાણા | રાંદેર રોડ | ૨૧-૦૩-૨૦૦૪ થી ૨૪-૧૦-૨૦૦૪ |
| શ્રી રતિલાલભાઈ એન. વાડીવાલા | કતારગામ | ૨૪-૧૦-૨૦૦૪ થી ૩૦-૦૪-૨૦૧૭ |
| ડૉ. મહેશભાઇ ડી. વાઘેલા | મુંબઈ | ૩૦-૦૪-૨૦૧૭ થી ૧૭-૦૧-૨૦૨૧ |
| શ્રી રતિલાલ એન. વાડીવાલા | કતારગામ | ૧૭-૦૧-૨૦૨૧ થી ૨૨-૦૫-૨૦૨૨ |
| શ્રી ગણપતભાઈ જી. પરમાર | વેસુ | ૨૨-૦૫-૨૦૨૨ |

### નવા એડહોક ટ્રસ્ટીશ્રીઓના નામ

શ્રી નવીનભાઈ વરોલિયા
શ્રી બાબુભાઇ ભેસાણીયા
શ્રી જયંતિભાઈ વાઘેલા
શ્રી વિસ્મયભાઇ કોઠારી
શ્રી નટુભાઇ કોસાડીયા

શ્રી મનોજભાઇ સુરતી
શ્રી સુરેશભાઇ ભારતી
શ્રી કિશોરભાઇ કંથારીયા
શ્રી વિજયભાઇ રાણા
શ્રી દિનેશચંદ્ર સોનાવાલા

સલાહકાર શ્રી માનહરભાઈ ભેસાણીયા

# સ્નેહ સંકૂલ પ્રતિસ્થાન ટ્રસ્ટ ૧૯૯૫ થી ૨૦૨૫ ની હિસ્ટ્રી

સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ માહ્યાવંશી સમાજ, સુરત
પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
રજીસ્ટ્રેશન નંબર ઈ. ૩૭૨૧, તા ૦૨/૦૨/૧૯૯૬
સુજ્ઞ સમાજ બંધુઓ,

અમને જણાવતા ગૌરવ થાય છે કે સુરત માહ્યાવંશી સમાજના દુરંદેશી અગ્રગણ્ય આગેવાનો અને કાર્યકરોએ ૧૯૯૦ના દાયકામાં, સુરત શહેર અને સુરત જીલ્લાની જે તે વખતની સમાજિક અને સાંસ્કૃતિક સમાજ વ્યવસ્થામાં, માહ્યાવંશી સમાજના સુરત શહેર અને આજુબાજુમાં વસતા કુટુંબોને અને લોકોને એમના સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમ કરવા માટે, યોગ્ય સ્થળ મેળવવા માટે પડતી વિધ અનેક મુશ્કેલીઓ બાબતે સતત ચિંતા અને ચિંતન કર્યું, અને એ વાતનો એક મોટો અને મહત્વનો નિર્ણય કર્યો કે સમાજની જરુરિયાત પુરી કરવા આપણે આપણા સામાજિક ઉતર દાયિત્વની ફરજને ધ્યાનમાં લઈ, માહ્યાવંશી સમાજના યુવાનો, વિધાર્થીઓ, મહિલાઓ અને કુટુંબોના સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આર્થિક ઉન્નતિ માટે એક સારુ કોમન પ્લેટફોર્મ, સુવિધાપુર્ણ ભવન પુરુ પાડવું જોઈએ, સમાજની પોતાની સામાજિક સંસ્થાન અને અઘટન ભવનની જરૂરિયાતનો સ્વિકાર કરીને અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ સમાજના પોતાના એક વિશાળ ભવનના નિર્માણનો સંકલ્પ કરવામા આવ્યો. સમાજના લોકોના ઉત્સાહ અને સકારાત્મક આર્થિક સહયોગથી ૧૯૯૪-૯૫ના વરસમાં સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ (માહ્યાવંશી સમાજ)ની રચના કરી અને આ અતિ મહત્વના સામાજિક કાર્યની શુભ શરુઆત કરવામા આવી અને એ માટે, સમાજનુ પોતાનું ભવન બનાવવા માટેની યોગ્ય જમીનની શોધ અને વેચાણ લેવાની કાર્યવાહી શરુ કરવામાં આવી.

અત્રે વિશેષ નોંધવું જોઈએ કે ટ્રસ્ટની, ટ્રસ્ટ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરુ કરવા દરમ્યાન જમીનના યોગ્ય પ્લોટની શોધખોળ કરતાં, ઈતર સમાજની આનંદ ફ્લેટ ઓનર્સ એસોસીએશન, અડાજણ, જે એક રજીસ્ટર્ડ નોન ટ્રેડીંગ એન્ટીટી છે એના સભ્યશ્રીઓનો સંપર્ક કરી સ્નેહ સંકુલ ભવનના નિર્માણ માટેની એમની માલિકીની જમીન જે આનંદ મહલ રોડ, અડાજણ વિસ્તારના મોકાના કોમર્શિયલ પ્લોટની વેચાણ આપવાં માંગણી કરતા, એમણે કોઈ પણ જાતના જાતિ ભેદભાવ વિના, વિશાળ સામાજિક અને જનહિતને ધ્યાનમાં રાખી, આપણા ટ્રસ્ટને આનંદ ફ્લેટસ ઓનર્સ એસોશિયેશને જમીન વેચવા માટે સંમતિ આપેલ. આ એન્ટીટીએ એમની અગાઉના વરસો પહેલા ખરીદેલ જમીનને ૧૯૯૪-૯૫માં બજાર કિંમતમાં અનેક ગણો વધારો થયેલ હોવાં છતા પણ જાહેર જનહિતમાં કોઈ પણ પ્રકારનો ભાવ વધારો લીધા વિના, અગાઉના વરસોમાં એમણે ખરીદેલ જમીનની મુળ કિંમતમાં જ, આપણા ટ્રસ્ટને વેચાણ કરવા માટે એક અગત્યનો ઠરાવ પસાર કરેલ જે એમનો ' જાતિવિહીન સામાજિક સમરસતા * માટેનો સીમાચિન્હ નિર્ણય હતો. સ્નેહ સંકુલ ભવનના નિર્માણ માટે ૧૩૨૫ ચો. મીટરનો સમચોરસ કોમર્શિયલ પ્લોટ વાળી જમીન લાખો રુપિયાની બજાર કિંમત હોવા છતાં પણ એ જમીનની મુળ કિમંત રુપિયા ૨,૨૫,૦૦૦/- ( રુપિયા બે લાખ પચ્ચીસ હજારમાં) ના પાકા વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ, આમ એમના દ્વારા અતિ મહત્વનું સામાજિક કાર્ય કરવામા આવેલ છે. ( ટ્રસ્ટને કરવામાં આવેલ રજીસ્ટર્ડ પાકા વેચાણ દસ્વેજમાં આનંદ ફ્લેટસ ઓનર્સ એસોશિયસ દ્વારા સર્વ સંમતિથી કરવામાં આવેલ ઠરાવની કોપી જોડવામાં આવેલ છે. આ ઠરાવથી આપણા ટ્રસ્ટને સ્ટેમ્પ ડયુટીમાં પણ રાહત થઈ છે. ) અડાજણ વિસ્તારના આનંદ મહલ રોડ વિસ્તારના લેંડમાર્ક વિસ્તારમાં આવેલ સ્નેહ સંકૂલ ભવનનું નિર્માણ શક્ય બનેલ જે ભવન આજે સમાજનું ગૌરવ છે અને આ માટે આપણું ટ્રસ્ટ તથા સમાજ, આનંદ ફ્લેટસ ઓનર્સ એસોસીએશનના તમામ સભ્યોશ્રીનો વિશેષ આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે

સ્નેહ સંકુલ પ્રતિષ્ઠા ટ્રસ્ટની રચના કરવામાં આવી જે મે. ચેરિટી કમિશનર સાહેબ, સુરત દ્વારા ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ સંસ્થા છે. આ ટ્રસ્ટની સ્થાપના તારીખ ૨૭/૧૨/૯૫ના રોજ ટ્રસ્ટ ડીડ બનાવી કરવામાં આવી, મે ચેરિટિ કમિશ્નર સાહેબ, સુરત દ્વારા ટ્રસ્ટ નોંધણીનો હુકમ તા.૦૨/૦૧/૧૯૯૬મા થયેલ સ્નેહ સંકલ ભવનના નિર્માણ માટે ૧૩૨૫ ચોમીનો કોમર્શીયલ જમીનનો પ્લોટ આનંદ ફ્લેટસ કો ઓ હાઉસીગ સોસાયટીએ વરસ ૧૯૯૪- ૧૯૯૫માં ૨૨૫૦૦૦/- ( રુપિયા બે લાખ પચ્ચીસ હજાર) ની નજીવી કિંમતે તા. ૨૫/૦૯/૧૯૯૫ ના રોજ પાકા વેચાણ દસ્તાવેજથી ટ્રસ્ટને વેચાણ કરવામા આવેલ . સ્નેહ સંકુલ ભવનના જમીન સાથેના નિર્માણ માટે થયેલ ખર્ચ માહ્યાવંશી સમાજના દાતાઓ સહિત બીજા ઈતર સમાજના દાતાશ્રીઓના દાન અને આર્થિક સહયોગથી, ગાયત્રી યજ્ઞના આયોજન વિગેરે થકી ફંડ ઉભુ કરી અડાજણ, સુરતના વેપાર ધંધાથી ધમધમતાં આનંદ મહલ રોડ, અડાજણમાં સ્નેહ સંકુલ ભવન બનાવવામાં આવેલ છે. જેની બજાર મૂલ્ય આજની તારીખમાં કરોડો રુપિયાની છે.

સ્નેહસંકુલ ભવનના નિર્માણમાં અનેક વિધ મુશ્કેલીઓ ઉભી થયેલ એ બાબત સમાજના સૌ આગેવાનો અને કાર્યકરો સારી રીતે પરિચિત છે. આ ભવનના નિર્માણ કાર્યમા નિર્માણ માટે આ દાતા શ્રીઓ માહ્યાવંશી સમાજના તમામ કાર્યકરો અને આગેવાનો ઉપરાંત ઈતર સમાજના અપણાં હીતેચ્છુ દાતાશ્રીઓ, રાજકીય આગેવાનો સર્વમાન્ય લોકલાડીલા નેતા શ્રી સી આર પાટિલ સાહેબ, શ્રી કાશીરામ ભાઈ રાણા સાહેબ,માજી કેબિનેટ મંત્રી ભારત સરકાર શ્રી આત્મારામ પરમાર સાહેબ, માજી કેબીનેટ પ્રધાન, ગુજરાત રાજ્ય,...

....માજી મેયર સ્નેહ લતાબેન ચૌહાણ, માજી મ્યુનિસિપલ કમિશ્નર શ્રી રાવ સાહેબ, પટેલ સમાજના સામાજિક અગ્રગણ્ય અને ઉધોગપતિ શ્રી સુરેશભાઈ પટેલ, સ્વ. શંભુભાઈ પટેલ, માજી ધારાસભ્ય અને મંત્રી શ્રી, ગુજરાત સરકાર, શ્રી ચાવડા સાહેબ, માજી ડેપ્યુટી કમિશ્નર, સુરત જીલ્લા ઉદ્યોગ ખાતું તથા માહ્યાવંશી સમાજના તમામ દાતાશ્રીઓ, આગેવાનો, અને કાર્યકરોની સેવાની સહૃદય નોંધ લેતા સમગ્ર ટ્રસ્ટીગણ આનંદ અને ગૌરવ અનુભવીએ છે.

અત્રે એ વાતની જરૂર નોંધ લેવી અસ્થાને નથી કે આ ગૌરવશાળી ભવનના નિર્માણ માટે કોઈ પણ પ્રકારની સરકારી જમીન જમીન મેળવવા કે બાંધકામ સરકારી ગ્રાંટ કે રાહત લીધા વિના ૧૩૨૫ ચો. મી જગ્યા ખરીદીને એ જમીન પર સ્નેહ સંકૂલ ભવન નું નિર્માણ કરવામાં આવેલ છે.

આ ભવનનું ખાતમુહર્ત તારીખ અને સ્નેહ સંકુલ ભવનના ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનું ઉદઘાટન તા.૧૧/૧૦/૨૦૯૭ અને બીજા માળનું ઉદ્‌ઘાટન તા.૧૩/૧૦/૨૦૦૨ના રોજ કરવામા આવેલ. આજે સ્નેહ સંકુલ ભવન અડાજણ વિસ્તારના એક અગત્યના લેન્ડમાર્ક તરીકે આજે પ્રસ્થાપિત થયેલ છે. જે સમગ્ર માહ્યાવંશી સમાજ માટે ગૌરવની વાત છે. આ ભવનનો ઉપયોગ સુરત શહેર અને જીલ્લામાં રહેતા સમાજની દરેક વ્યક્તિના કે મંડળ, સંસ્થાના સંસ્થાકીય કાર્યો માટે, સમાજ સેવાના ભાવથી ખુબ જ સસ્તા / રાહત દરે જાતિ ધર્મના ભેદ વિના આપવામાં આવે છે

શ્રી સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, સુરત તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ પોતાની સ્થાપના ના ૨૯ વર્ષ પૂર્ણ કરી ૩૦ મા માં વર્ષ માં પ્રવેશ કરેલ છે. ટ્રસ્ટની શરૂઆત અને નોંધણી વખતે ૬ સેટલર ટ્રસ્ટીઓ હતા અને ટ્રસ્ટી મંડળમાં તબક્કાવાર બીજા ૧૫ ટ્રસ્ટીઓની નિમણૂક કરી ટ્રસ્ટના નોંધાયેલ ટ્રસ્ટીઓની સંખ્યા ૨૧ જેટલી કરવામા આવી . ટ્રસ્ટની રચના અને સ્થાપના બાદ ઘણાં ટ્રસ્ટીઓનું દુખદ અવસાન થયેલ અને ઘણા ટ્રસ્ટીઓની નાદુરસ્ત તબિયતને લીધે એઓ સક્રિય રહી શકતા નથી આથી ટ્રસ્ટના કાર્યો અને વહીવટ માટે ટ્રસ્ટી મંડળે સર્વા નુ મતે, સામાજિક કાર્યકરો અને અગ્રગણ્યો માથી નવા એડહોક ટ્રસ્ટીઓની પસંદ કરી મે. ચેરિટી કમિશ્નર સાહેબની કચેરીમાં ટ્રસ્ટ દ્વારા નવા ટ્રસ્ટી ની નિર્મણુક માટે ના પસાર કરવામાં આવેલ ઠરાવને મંજુર કરવા માટે ફેરફાર રિપોર્ટ રજુ કરેલ છે, જે મે ચેરિટી કમિશ્નર સાહેબ દ્વારા મંજુર થયેથી નવા ટ્રસ્ટીશ્રીઓની નિયમિત નિમણુક કરવામાં આવશે

સૌથી વિશેષ વાત એ છે કે ટ્રસ્ટની નોંધણી સમયે નોંધાયેલ ૬ સેટલર ટ્રસ્ટી સહિત તબક્કાવાર નોંધાયેલ બીજા ૧૫ ટ્રસ્ટીઓ આમ કુલ ૨૧ ટ્રસ્ટીઓએ આ ટ્રસ્ટનો વહીવટ, સંચાલન, ભવનનું વિસ્તરણ અને મેઈનટેનન્સ, આવક જાવક અને ખર્ચના હિસાબ કિતાબ, બેંક એકાઉન્ટસ, ટ્રસ્ટના કાયદા મુજબ ઓડિટ અને ઈન્કમટેક્ષ કાયદા મુજબ ભરવા પાત્ર વાર્ષિક રિટર્નો, લોકલ ઓથોરિટીના નિતિ નિયમોનું પાલન બરાબર કરવામા આવેલ છે ટ્રસ્ટની સ્થાપનાથી આજ દિન સુધી ટ્રસ્ટના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ દ્વારા ખુબ જ મળી સમજીને ભાતૃભાવ અને ટ્રાન્સપરન્સીથી / પારદર્શિતાથી અનેક મુશ્કેલીઓ વચ્ચે ટ્રસ્ટનો વહીવટ કરવામાં આવેલ છે અને સ્નેહ સંકુલ ભવનનું અને ટ્રસ્ટના મુખ્ય સંકલ્પોનું જતન કરવામાં આવેલ છે.

વધુમા ટ્રસ્ટની સ્થાપનાથી નોંધાયેલ ૬ સેટલર ટ્રસ્ટીઓ સહિત બીજા ૧૫ ટ્રસ્ટીઓ એ અગત્યનો સામુહીક સંકલ્પ કરેલ છે કે એમના વારસદારો કે એમના નજીકના કોઈપણ સગાં સંબંધીને ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવવામાં આવશે નહી, પણ સમાજમાંથી યોગ્ય વ્યક્તિઓની ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે પસંદગી કરવામાં આવશે એવો ખુબ જ મહત્વનો અને આવકાર્ય નિર્ણય લીધો છે

આ ક્ષણે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ના સૌ આદરણીય ટ્રસ્ટીગણ તથા સંકુલ ની સ્થાપના થી લઈ આજ દિન સુધી તન મન ધન થી સેવા આપનાર સૌનો આભાર પ્રગટ કરીએ છે.

સંકુલની સ્થાપનાથી આજ દિન સુધી, અનેક વિધ સમાજ ઉપયોગી વિવિધ કાર્યો, સામાજિક પ્રવૃતિઓ, શૌક્ષણિક પ્રવૃતિઓ, વિધાર્થી સન્માન સમારોહ અભ્યાસ અને કેરિયર માર્ગ દર્શન સેમિનારના આયોજન સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ કરતુ આવ્યું છે. સ્નેહ સંકૂલ ભવન ખાતે તથા ભવન સિવાયના બહાર ની જગ્યા/ સ્થળે થતા સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતાં તમામ કાર્યક્રમોને પણ સ્નેહ સંકુલ ટ્રસ્ટનો સકારાત્મક સહયોગ આપવામાં આવે છે. આમ ૩૦ વર્ષની યાત્રા દરમ્યાન માહ્યાવંશી સમાજ ની પ્રગતિ માં બહુ મૂલ્ય ફાળો આપેલ છે.

સ્નેહ સંકલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ જનહીત અને શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક ઉત્કર્ષની પ્રવૃતિઓ માટે સહયોગ કરવા સંસ્થાઓને હંમેશા આવકારે છે. આ કડીમા, સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ, જે નોંધાયેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ જે સમાજની અગ્રગણ્ય શિક્ષિત મહિલાઓ દ્વારા, મહિલાના ઉત્કર્ષ માટે બનાવવામાં આવેલ છે. આ સંસ્થાને સ્નેહ સંકુલ ટ્રસ્ટ પોતાની ભગિની મહિલા સંસ્થા તરીકે પુરો સહયોગ આપે છે. સમાજની મહિલાઓ દ્વારા કે સમાજની કોઈપણ સંસ્થા દ્વારા, મહિલા ઉત્કર્ષ માટેના તમામ કાર્યોમાં સ્નેહ સંકુલ ટ્રસ્ટનો તમામ પ્રકાર નો સહયોગ મળી રહેશે. આ ક્ષણે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ના સૌ આદરણીય ટ્રસ્ટીગણ તથા સંકુલ ની સ્થાપના થી લઈ આજ દિન સુધી તન મન ધન થી સેવા આપનાર સૌનો આભાર પ્રગટ કરીએ છે.

સમાજના તમામ આગેવાનો, કાર્યકરો અને સંસ્થાઓના સાથ સહકાર અને સક્રિય સહયોગથી સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ સમાજની ગૌરવવંતી સંસ્થા બની શકી છે, આ પ્રસંગે ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ, દાતાઓ, આગેવાનો, કાર્યકરો અને આપ સૌ સમાજ બંધુઓના હાર્દિક આભાર વ્યક્ત કરીએ છે. અને આપના સહયોગની અપેક્ષા સહ નમ્ર વિનંતી.

DHRUMIT CREATION

ALL KIND OF GARMENTS DESIGN & PRINTING
TEXTILE COLOUR CHEMICAL

**DHARMESH RANA**

+91 9828818791
+91 9227427189

A-46 PRABUNAGAR SOC.2
KATARGAM ROAD, SURAT

*Darshil Solanki*

EVENT PHOTOGRAPHER
WEDDING PHOTOGRAPHER

+91 9687675502
+91 9825905502

38, TIRUPATI BALAJI SOCIETY,
ADAJAN ROAD, SURAT



રાંદેર માહયાવંશી યુવક મંડળ
અને
જયહિન્દ સ્પોર્ટ્સ ક્લબ
તરફથી સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ને
30 મા વર્ષ મા મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભેચ્છા

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**VARSHA AJAY PATEL**
**LIC AGENT**

+91 9724332587
+91 9724332588

OFFICE
Branch- 4/860, 3rd Floor, jeevan Prakash Bldg.,
Opp. SMC, Muglisara, Surat

RESI.
54, Sandhya Vandan Soc., Palanpur Jakatnaka,
Surat, Gujarat

# સ્નેહ સંકૂલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી નું ઉદબોધન



**પ્રમુખશ્રી ગણપતભાઈ ગોવિંદભાઈ પરમાર**

પ્રિય સમાજબંધુઓ,

નમસ્કાર

આપ સૌને હૃદયની લાગણી સાથે જણાવતા આનંદ થાય છે કે આપણાં સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ ) ૧૯૯૫થી શરુ કરેલ પોતાની યાત્રાના ૩૦ મા વર્ષમા પ્રવેશ કરી રહ્યું છે – આ સફળતા અને ગૌરવ માત્ર સંસ્થાનું જ નહીં , પણ આપણાં સમગ્ર માહ્યાવંશી સમાજનું ગૌરવ છે. આ ત્રિદશક યાત્રા સહજ નહોતી, પરંતુ તેમાં લાગણી, શ્રમ,દ્રઢ સંકલ્પ અને આપ સહુનો અપાર સહયોગ સામેલ છે. અત્રે વિશેષ આભાર એ તમામ દુરંદેશી આગેવાનોનો, કાર્યકરોનો માનવો અસ્થાને નથી , જેમણે ૧૯૯૫માં આ સંસ્થાના બીજ રોપ્યાં અને એની નિર્માણ યાત્રાને દિશા આપી. તેમનું વિઝન આજે સ્નેહ સંકુલના ઐતિહાસિક ભવનમાં, સમાજસેવાના વિવિધ કાર્યોમાં અને યુવા પેઢીમાં પ્રેરણા રૂપે જીવંત છે.

આ સિધ્ધી માત્ર સંસ્થાની નથી, પરંતુ દરેક એવા પરિવારની , વ્યક્તિ અને સંસ્થાની છે જેમણે સમય, શ્રમ, સરસાધન કે વિચારના રૂપે કંઈક ને કંઈક આપી આ સંસ્થાને મજબૂત બનાવવામાં યોગદાન આપ્યું છે. આપના સૌના આ સહકાર વગર આજે ૩૦ વરસની સફળ યાત્રા શક્ય ન હોત. આ પ્રસંગે, સમગ્ર ટ્રસ્ટી મંડળ તરફથી આપ સહુનો દિલથી આભાર વ્યકત કરું છું. હવે ઝડપથી બદલાતા સમયમાં સમાજને ગતિશીલ અને પ્રગતિશીલ રાખવા, સમાજના વિધાર્થીઓ , યુવાનો અને મહિલાઓના શૈક્ષણિક , રોટી રોજગાર, વેપાર ધંધા માટે માર્ગદર્શન અને મદદ કરી શકાય એ માટે સ્નેહ સંકુલ ભવનમા અધટન STUDENTS HELP CENTRE ની સ્થાપના કરવામાં આવેલ છે , ભવિષ્યમાં નવી ઊંચાઈઓ તરફ આપણે સૌ સમાજબંધુઓના અનુભવો અને ખાસ કરીને યુવા પેઢીના વૈજ્ઞનાનિક અને ડીજીટલ જ્ઞાનના સુમેળ સાથે , સૌ ભેગા મળીને કાર્ય કરી સમાજસેવામાં આપણું સ્થાન વધુ મજબૂત કરીએ. અત્રેથી સમાજના યુવાન પેઢીને ખાસ અપીલ કરવાની કે ડો. બાબા સાહેબની સેવા , તપસ્યા અને ઉન્નતિના વિઝનને , સમાજના યુવાનો એમના શૈક્ષણિક, જ્ઞાન , કૌશલ્ય અને મોર્ડન ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ થકી સમાજને ઉન્નતિના પથ પર લઈ જવાની સામાજીક જવાબદારી સ્વિકારે. સ્નેહ સંકુલ ભવન અને સ્નેહ સંકુલનું પ્લેટફોર્મ આપ સૌ માટે જ છે જેનો યથા યોગ્ય સેવાના કામમાં ઉપયોગ કરવા આપ સૌને અનુરોધ અને આહવાન કરું છું.

## હાર્દિક શુભેચ્છા



### કાંતિભાઈ ગણેશભાઈ કંથારીઆ

સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા સહયોગીઓ અને સમાજના પ્રબુદ્ધ ભાઈઓ અને બહેનોના સકારાત્મક સહયોગથી સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ ) , સુરતની ૧૯૯૫ થી ૨૦૨૫ ની યશસ્વી ગૌરવવંતિ સફર માટે હાર્દિક શુભેચ્છા.

કાંતિભાઈ ગણેશભાઈ કંથારીઆ
મુખ્ય સેટલર ટ્રસ્ટી તથા પ્રથમ પ્રમુખ
( ૧૧/૧૦/૨૦૯૭ થી ૦૯/૦૧/૨૦૦૦)
સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ) ,

# સંસ્થાના મે ટ્રસ્ટી શ્રી નું ઉદબોધન



સંસ્થા ના મે. ટ્રસ્ટી શ્રી નરેશભાઈ ઉમરાવ

**વ્હાલા સમાજબંધુઓ,**
**નમસ્કાર.**

બાબા સાહેબ આંબેડકરનુ એજ્યુકેટેડ અને સંગઠિત બની સંઘર્ષ કરી સામાજિક ઉન્નતિ માટેનું પથ દર્શનને સાકાર કરવા સમાજના જે તે વખતના આપણા આગેવાનો, પરા પંચોનું કર્તવ્ય પરાયણ નેતૃત્વ અને સામાજિક ઉતરદાયિત્વમાથી પ્રેરણા લઈ , એમની વિરાસતને આગળ લઈ જવા , ૯૦ ના દાયકામાં , સમાજના કેટલાક પ્રગતિશીલ અને દુરંદેશી આગેવાનો, કાર્યકરોએ સમાજ સેવાના ભાવથી સમાજ માટે કાયમી ધોરણે, સુરત શહેર અને શહેરની સીમાની આજુબાજુના વિસ્તારમા રહેતા પરિવારોના સામાજિક , સાંસ્કૃતિક પ્રસંગો તથા સમાજની સંસ્થાઓના શૈક્ષણિક, સામાજીક આયોજન અને કાર્યક્રમો માટે , સમાજ ઉપયોગી ભવન બનાવી કાયમી વ્યવસ્થા ઉભી કરવાનો સંકલ્પ લીધો અને સને ૧૯૯૫માં સ્નેહ સંકુલ ભવન બનાવવાના પ્રથમ સોપાનની શરુઆત કરી. આજે એમણે વાવેલાં બીજમાંથી સમાજના તમામ સ્તરના વ્યક્તિઓ અને સંસ્થાના હકારાત્મક સાથ સહકારથી એક વટવૃક્ષ બનીને સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ ) અને સ્નેહ સંકુલ ભવનની ભવ્ય ઈમારત અડાજણ , સુરતમા લેન્ડમાર્ક તરીકે સ્થાપિત થઈ છે , જે સમગ્ર સમાજ માટે ગૌરવ છે. સ્નેહ સંકુલ ટ્રસ્ટ સમાજની ઉન્નતિ અને પ્રગતિના ૩૦મા વરસમાં ભવ્ય ઈતિહાસ સાથે પ્રવેશ કરી રહેલ છે . આ પ્રસંગે સંકુલ નિર્માણ સાથે જોડાયેલ તમામ નાના મોટા કર્મશીલ આગેવાનો , કાર્યકરો દાતાઓ તથા સંકુલને ઐતિહાસિક બનાવવામા વર્તમાનમાં જોડાયેલ તમામ સમાજ બંધુંઓ, સહયોગીઓનો સકારાત્મક અને ભાવનાત્મક સહયોગ મળેલ છે. આભાર પ્રગત કરુ છુ.

અત્રે એ વાતની વિશેષ નોંધ . સાથે સમાજના પરિવારો અને સંસ્થાઓના સંકુલ પ્રત્યેના પ્રેમ , સંકુલનું મહત્વ અને એની સાથેના ભાવનાત્મક જોડાણથી , સંકુલની ૩૦ વરસની સફળ યાત્રા શક્ય બની શકી છે.

માહ્યાવંશી સમાજની એક તાસીર છે કે એ પ્રગતિશીલ વિચાર ધરાવે છે અને સમયની સાથે બદલાતી પરિસ્થિતીને ઝડપથી અપનાવી લઈ એ દિશામાં કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે. માહ્યાવંશી સમાજ જ્યાં પણ વસે છે ત્યાં રહેતા સમાજના કાર્યકરો સમાજની પ્રગતિ માટે અનેકવિધ કાર્યો કરે છે જે સમાજને પ્રગતિના પંથ પર લઈ જઈ રહ્યો છે જે આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે . સ્નેહ સંકુલની ભગિની સંસ્થા સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ, સમાજની મહિલાઓ વડે, મહિલાઓ દ્વારા સંચાલિત અને સ્નેહ સંકુલના સહકારથી સંકુલ ભવન પરથી મહિલાઓની ઉન્નતિ માટે કાર્યરત સંસ્થા ખુબ સરાહનીય કાર્ય કરી રહી છે.

સમયની સાથે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટે ડીજીટલ યુગમા પોતાની વેબસાઈટ બનાવી છે અને વિધાર્થીઓ અને યુવાનો માટે સ્નેહ સંકુલ ભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર STUDENTS HELP CENTRE બનાવેલ છે . આ સેન્ટરનું પ્રોફેશનલ રીતે સંચાલન થઈ શકે એ માટે સમાજના વિધાર્થીઓ અને યુવાનોના ઉચ્ચ અભ્યાસ તથા રોટી રોજગાર માટે કાર્યરત રજીસ્ટર્ડ સંસ્થા , માહ્યાવંશી એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને ( MECT ) આપવામા આવેલ છે , જેથી વિધાર્થીઓ , યુવાનોને અને મહિલાઓને વધુમા વધુ જરુરી મદદ અને માર્ગદર્શન મળી શકે.

સમાજના વિદ્યાર્થીઓ તથા યુવાનો વિવિધ ક્ષેત્રોમાં તક મેળવી પ્રગતિ કરી શકે એ માટે એમને માહિતી, મદદ અને માર્ગદર્શન આપવાં , સમાજના ઉચ્ચ શિક્ષિત, અધ્યાપકો અને શિક્ષકો, ડોકટર વકીલ જેવા પ્રોફેશનલ, સરકારી અધિકારી અને કોર્પોરેટ સાથે જોડાયેલ યુવાનો , વેપાર ધંધાના સફર સાહસિકો સમાજની સેવાર્થે પોતાનો સહયોગ આપે એવી અમે અપીલ કરીએ છે.

સ્નેહ સંકુલ ટ્રસ્ટ પરિવારના તમામ સદસ્યો તથા આપ સૌ સમાજ બંધુઓના ૩૦ વરસના સહયોગ માટે હાર્દિક આભાર વ્યક્ત કરીએ છે.

**આપનો ભવદીય ,**
**નરેશભાઈ ઉમરાવ**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ (માહ્યાવંશી સમાજ )**

# શુભેચ્છા પત્ર

## સર્વોદય મહિલા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત

ટ્રસ્ટ નોંધણી નંબર :- ઓફ/૨૬૫૧/સુરત          સોસાયટી નોંધણી નંબર :- ગુજ./૨૭૫૬/સુરત

**મા.પ્રમુખશ્રી તથા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, સુરત,**

સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ એ સમગ્ર માહ્યાવંશી સમાજની ગૌરવશાળી સંસ્થા છે, જે ૧૯૯૫-૯૬ના વર્ષમાં થયેલ સ્થાપનાથી, આજ દિન સુધી માહ્યાવંશી સમાજની તમામ સંસ્થાઓને એક છત્ર અને હંમેશા સકારાત્મક સહયોગ પ્રદાન કરતી આપણાં સૌની ગૌરવશાળી સંસ્થા છે.

સ્નેહ સંકુલ સમાજના વિદ્યાર્થીઓ તથા યુવાનો અને યુવતીઓ માટે તેમને તેમના અભ્યાસમાં તથા નોકરી, રોજગાર, સ્વ-રોજગાર, વેપાર-ધંધા કરવામાં જરૂરી મદદ અને માર્ગદર્શન આપવા માટે સ્નેહ સંકુલ ભવનમાં અદ્યતન ડીજીટલ તથા સમાજના વિશાળ હિતમાં પોતાની વેબસાઈટનું લોકાર્પણ એપ્રિલ-૨૦૨૫ ના ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિના ઐતિહાસિક મહિનામાં થનાર કાર્યક્રમ માટે તથા ટ્રસ્ટની ૩૦ વર્ષની સફળ યાત્રા પ્રસંગે પરિચય પુસ્તિકા પ્રસિધ્ધ કરવા જઈ રહ્યું છે એ પ્રસંગે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટના તમામ પદાધિકારીઓને અને સમગ્ર સમાજબંધુઓને હાર્દિક શુભેચ્છા અને અભિનંદન.

માહ્યાવંશી સમાજની મહિલાઓ દ્વારા, મહિલાઓ વડે, મહિલાઓને માટે, એમના જ્ઞાન, સ્કીલ અને આત્મવિશ્વાસમાં વધારો કરી, એમને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાના કાર્ય કરતી અમારી સંસ્થા સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટને સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટે, એની ભગિની સંસ્થા તરીકે સ્વીકારેલ છે અને અમને જરૂરી મદદ મળતી રહે છે, એથી સમાજની તમામ બહેનોની પ્રગતિ માટે માહ્યાવંશી સમાજની નિ:સ્વાર્થ સેવાભાવવાળી કેટલીક મહિલા કાર્યકર બહેનોએ, ગ્રાઉન્ડ લેવલ પર મહિલા ઉત્કર્ષ માટે વિદ્યાભ્યાસ, જ્ઞાન, સ્કીલ ડેવલેપમેન્ટ થકી બહેનોના આર્થિક ઉન્નતિના કાર્યોને સમાજસેવાની સાથે જોડી એ દિશામાં કાર્ય કરવાથી એક સારું પરિણામ હાંસિલ કરી શકાય છે એવું અનુભવ્યું અને મહિલાઓના આ વિચારને અમલ કરવા અને કાર્ય કરવા માટે સમાજની ગૌરવવંતી સંસ્થા સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટે સમાજની મહિલાઓના સામાજીક અને આર્થિક ઉન્નતિના કાર્યો માટે સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટને સાથ-સહકાર આપવાનો નિશ્ચય કર્યો અને મહિલા ટ્રસ્ટે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટની એક ભગિની સંસ્થા તરીકે સ્વીકાર કર્યો. આમ, સમાજની જરૂરિયાતવાળી બહેનોના ઉત્કર્ષ માટે બંને સંસ્થાઓ સંયુક્ત રીતે કાર્યરત થઈ કાર્ય શરૂ કર્યું. આ મૂળભુત વાતને ધ્યાનમાં લઈ સમાજની મહિલાઓએ સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતની સ્થાપના સને ૨૦૧૯માં એક ટ્રસ્ટ બનાવી કરી છે અને સંસ્થાનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ૨૦૨૦માં થયેલ છે. અમારી સંસ્થા માટે સ્નેહ સંકુલના સહકારથી કાર્ય કરવું સરળ અને શક્ય બની શક્યું છે. અમારી સંસ્થામાં એક મહત્ત્વનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આ સંસ્થાની શરૂઆતમાં કોર્પસ ફંડ તરીકે નાની સરખી રકમ સમાજના બે બહેનો પાસે દાનમાં મેળવી શરૂ કરેલ અને ટ્રસ્ટના ટ્રસ્ટી બહેનોની સ્વૈચ્છિક સહાય મેળવવામાં આવેલ છે અને ત્યારબાદ સંસ્થા પોતાને આત્મનિર્ભર બનાવવાના કૃતનિશ્ચય સાથે, સંસ્થામાં જુદી જુદી પ્રવૃત્તિઓ પૈકી બહેનોની ટ્રેનિંગ દરમ્યાન બનાવવામા આવતી પ્રોડક્ટસના વેચાણ, સ્નેહ સંકુલ ભવનમાં સંસ્થા દ્વારા કરવામાં આવતા એક્ઝીબીશનના આયોજનમાં સ્ટોલ બુકીંગના નફાની આવક વિગેરેમાંથી ફંડ ઊભું કરી સંસ્થા દ્વારા મહિલાઓને સ્કીલ ડેવલેપમેન્ટની ટ્રેનિંગ વિગેરે માટે સંસ્થાને થતાં ખર્ચ માટે સંસ્થાન આત્મનિર્ભર બનાવવામાં આવે.

આપ સૌ સર્વોદય મહિલા ટ્રસ્ટ સાથે સક્રિય રીતે જોડાય અને સમાજની મહિલાના ઉત્થાનના કાર્યમાં સહયોગ કરે એવી વિનંતી. અમો સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટને અભિનંદન સહ આભાર પ્રગટ કરીએ છે.

**ડૉ. કીર્તિબેન સુરતી- પ્રમુખશ્રી**
**સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ**

**ડીમ્પલ સુરતી- સેક્રેટરીશ્રી**
**સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ**

**સરનામું : ૭૦, ગોવિંદનગર સોસાયટી, હની પાર્ક રોડ, સુરત.**
**ટ્રસ્ટ મો.: ૮૪૬૦૨ ૬૦૮૭૬, ૯૮૭૯૨ ૪૩૧૯૩ Email : sarvodaymahilatrust@gmail.com**

માહ્યાવંશી સમાજ ના સામાજીક શિક્ષણક્ષેત્રે આર્થિક ઉન્નતિ માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ એ સ્નેહ સંકૂલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ના સ્થાપના ના ૩૦ માં વર્ષ માં પ્રવેશ અંગે ટ્રસ્ટ ની 'વેબસાઇડ લોન્ચિંગ', 'સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર', અને 'સ્નેહ સંકૂલ ની સફર' પુસ્તિકા પ્રસિધ્ધ કરી રહી છે એ પ્રસંગે માહ્યાવંશી સમાજની સંસ્થાઓએ ટ્રસ્ટ ને પાઠવેલ સુભેચ્છાઓ.

મહંત શ્રી ૧૦૮ તુલસીદાસજી છગનદાસજી સાહેબ રામપુરા ,સુરત

શ્રી સુરત બારેપરા ચોર્યાસી માહ્યાવંશી સમાજ, સુરત
શ્રી રામપુરા ત્રણ પરા પંચ ,રામપુરા રામબાગ સુરત
સુરતી માહ્યાવંશી પંચ સમાજ મુંબઈ
માહ્યાવંશી સીનીયર સીટીઝન કલબ
સમસ્ત માહ્યાવંશી સેવા ટ્રસ્ટ
શ્રી સૂર્યપુર ચેરિટેબલ ટ્રસ્ટ
સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ
માહ્યાવંશી વિકાશ મંચ (સમસ્ત ભારત)
શ્રી દક્ષિણ ગુજરાત માહ્યાવંશી એકતા પરિસદ વલસાડ
કામરેજ તાલુકા સર્વોદય કેળવણી મંડળ
શ્રી માહ્યાવંશી ચેરિટેબલ ટ્રસ્ટ (કામરેજ)
બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ
જયહિન્દ સ્પોટ્ર્સ ક્લબ રાંદેર
પલસાણા તાલુકા પ્રગતિ મંડળ
તાપી જીલ્લા માહ્યાવંશી સમાજ

શ્રી ટુંકી છ પરા પંચ કાજીપુરા
શ્રી સુરતી માહ્યાવંશી જ્ઞાતિ પંચ અમદાવાદ
માહ્યાવંશી સ્પોટ્ર્સ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
ગણદેવી તાલુકા માહ્યાવંશી વિકાશ મંડળ
માહ્યાવંશી સોશિયલ સર્વિસ ચેરિટેબલ ટ્રસ્ટ
શ્રી માહ્યાવંશી વિધ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ
પરમ પૂજ્ય સંત સીરોમણિ હરિબાવા જીર્ણોદ્ધાર સમિતિ
માહ્યાવંશી સમાજ સેવા ટ્રસ્ટ સુરત (સમહુલગ્ન)
કામરેજ તાલુકા માહ્યાવંશી સમાજ સુધારક સહકારી મંડળી
નવચેતન વિધ્યાલય છાત્રાલય (બારડોલી)
માહ્યાવંશી કલ્યાણ ટ્રસ્ટ (બીલીમોરા
માહ્યાવંશી એજ્યુકેસન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
ચોર્યાસી તાલુકા માહ્યાવંશી સમાજ વિકાશ મંચ
ઓલપાડ તાલુકા કેળવળી મંડળ

શ્રી સુરત જીલ્લા માહ્યાવંશી વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી. અડાજણ
શ્રી માહ્યાવંશી અર્બન કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિ .અડાજણ

# " શુભેચ્છા "



લી.રતિલાલભાઈ એન. વાડીવાલા
માજી પ્રમુખ સ્નેહ સંકુલ

વર્ષ ૨૦૨૫મા સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ ) ૩૦ માં વરસમાં પ્રવેશ કરવા જઈ રહ્યુ છે એ સમગ્ર માહ્યાવંશી સમાજ માટે આનંદ અને ગૌરવની વાત છે. વર્ષ ૧૯૯૫મા શ્રી કાંતિભાઈ કંથારીઆ અને શ્રીનરેશભાઈ ઉમરાવની રાહબરીમાં સંકુલના તમામ ૨૧ ટ્રસ્ટીઓ અને સમાજના આગેવાનો , કાર્યકરોએ અનેક મુશ્કેલી વચ્ચે સ્નેહ સંકુલ સંસ્થાના બીજનું વાવેતર કર્યુ , આ બીજનું સૌ ટ્રસ્ટીઓ અને સમાજ બંધુઓના સહયોગથી જતન કરી વટવૃક્ષ બનાવ્યું , એ બદલ મારા તમામ સહયોગી ટ્રસ્ટીશ્રીઓ અને સમાજ બંધુઓને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ટ્રસ્ટી મંડળે મને સર્વસંમતિથી સાથ ટ્રસ્ટના પ્રમુખ તરીકેની જવાબદારી વરસ ૨૦૦૪ થી સોંપી અને મારામાં વિશ્વાસ રાખી મને ૧૫ વરસની લાંબી અવધિ સુધી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામા આવી , ટ્રસ્ટી મંડળના તથા સમાજની તમામ સંસ્થાઓ અને ભાઈઓના સકારાત્મક સહયોગથી સમાજે બનાવેલ વટવૃક્ષને ઉન્નત રાખી વિશાળ બનાવી શક્યા એનો મને સંતોષ અને ગૌરવ છે. આ વટવૃક્ષ હવે' STUDENT'S HELP CENTRE ' બનાવી શૈક્ષણિક તથા ધંધા રોજગાર લક્ષી મીઠા ફળ આપવા ૩૦માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે હું મારા અંતઃકરણ થી શુભેચ્છાઓ પાઠવું છું.

લી.રતિલાલભાઈ એન. વાડીવાલા
માજી પ્રમુખ સ્નેહ સંકુલ


## વાડીવાલા આઈસ્ક્રીમ પાર્લર

કોલ્ડ્રીંક્સ & પાન મસાલા સેન્ટર



સમય : સવારે ૮ થી રાત્રે ૧૧

(M) 99041 69999

# સ્નેહ સંકૂલ ભવન ભૂમિપુંજન














# સ્નેહ સંકૂલ ભવન નું ઉદ્‌ઘાટન














# માહ્યાવંશી વિકાસ યાત્રા





# મહિલા સંમેલન










## ડો. બાબાસાહેબ આંબેડકરજી જન્મજયંતી નિમિતે ભવ્ય પ્રોગ્રામ





## સંકુલ દ્વારા આયુષમાનકાર્ડ ફ્રી સેમિનાર









# સેમિનાર













# ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લિ.

રજી. ઓફિસ : ''શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન'' જે. પી. રોડ, અઠવાગેટ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૬૬૦૦૧, ૨૪૬૬૦૦૨, ૨૪૬૬૦૦૩, ફેક્સ : ૦૨૬૧-૨૪૬૬૦૦૦

સતત બીજા નાણાંકિય વર્ષમાં **રૂા.૧,૫૦૦/- કરોડ** નો અભૂતપૂર્વ વ્યાપાર વધારનારા સભાસદો, ગ્રાહકો, સુગરમીલો, સેવા/દૂધ મંડળીઓ, અન્ય સહકારી સંસ્થાઓ, ચેરિટેબલ ટ્રસ્ટો, કર્મચારીઓ, પ્રજાજનો અને શુભેચ્છકોનો **આભાર.**

| તા. ૩૧-૦૩-૨૦૨૫ (અનઓડિટેડ) | | | |
|---|---|---|---|
| થાપણો | : | ૧૦૦૯૦ | કરોડ |
| ધિરાણો | : | ૪૧૬૦ | કરોડ |
| કુલ વ્યાપાર | : | ૧૪૨૫૦ | કરોડ |
| સ્વ-ભંડોળ | : | ૮૨૫ | કરોડ |
| નફો | : | ૧૪૫ | કરોડ |
| ગ્રોસ NPA | : | ૧.૪૦ | ટકા |
| નેટ NPA | : | ૦.૦૦ | ટકા |
| CD રેશીયો | : | ૪૧.૨૦ | ટકા |
| CASA રેશીયો | : | ૩૭.૭૦ | ટકા |



ચેરમેનશ્રી
બળવંતભાઈ પટેલ

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
તથા
મહાવીરસિંહ પી. ચૌહાણ (મેનેજીંગ ડિરેક્ટર)



વાઈસ ચેરમેનશ્રી
સુનીલભાઈ પટેલ

Internet Banking સુવિધા સાથેની Total Automated Bank



માહ્યાવંશી સમાજ ની સૌ થી મોટી અને સફળ સંસ્થા સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ દિવસે દિવસે સમાજ ના વિદ્યાર્થી ઓ ને પ્રગતિ ને પંથે લઈજવા માત્ર અને શૈક્ષણિક કાર્ય માટે ડિજિટલ સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર, વેબસાઈટ લોન્ચિંગ, અને સ્નેહ સંકુલ ની સફર નામ ની પુસ્તિકા નુ વિમોચન ના કાર્યક્રમમાં કંથારીયા પરિવાર અને આશાદીપ ઈન્ટરનેશનલ સ્કૂલ. વરિયાવ તરફ થી ખુબ ખુબ શુભેચ્છા

-કિશોરભાઈ કંથારિયા



કિશોરભાઈ કંથારિયા





મગનભાઈ ભારતી

નમસ્કાર જય માહ્યાવંશીસ્નેહ સંકુલ પ્રતિષ્ઠન ટ્રસ્ટ 1995 થી લઈ 2025 સુધીમાં માહ્યાવંશી સમાજ ને શિક્ષણશેત્રે, મેડિકલ, રમત-ગમત, વિધવા સહાય, તેજસ્વી વિદ્યાર્થી ઓનું સન્માન, ઉચ્ચ પાડવી ધરાવનાર નુ સન્માન એમ દરેક ક્ષેત્ર સંકુલ પોતાની ફરજ અદા કરતી આવે છે અને એ દાયકા થી અમે જોતા આવ્યા છે મને ખુબ ગર્વ અનુભવું છુ કે દિવસે ને દિવસે સંકુલ ના જુના ટ્રસ્ટી શ્રી ઓના માર્ગદર્શન થકી નવા નિમાયેલા એહોક ટ્રસ્ટી તરીકે ની નિમણુંક કરી સંકુલ સમાજ ભવાનને મજબૂત બનાવ્યું છે મને ગર્વ એ વાતનો પણ છે કે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ આ વર્ષે પણ સમાજ મા નવીનતા *સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર નુ લોકાર્પણ, વેબસાઈટ લોન્ચ અને સ્નેહ સંકુલ ની સફર બુક ની વિમોચન કરવા જઈ રહ્યું છે જયારે આ કાર્ય ક્રમ મા મારો અને મારા પરિવાર હંમેશા સહકાર રહ્યો છે અને રહશે સ્નેહ સંકુલ અમારા પરિવાર સમાન છે સ્નેહ સંકુલ હંમેશા સમાજ ના વિદ્યાર્થી ઓ ને પ્રગતિ ના પંથે જોતું આવ્યું છે સંકુલ ની ઉપલધ્ધિ માટે તમામ સભ્યો ને ખુબ ખુબ અભિનંદન.

-મગનભાઈ ભારતી

યુવા ઉપનિષદ પબ્લિકેશનની સંલગ્ન સંસ્થા

YUVA UPNISHAD FOUNDATION

COACHING FOR COMPETITIVE EXAMS

UPSC, GPSC, ડેપ્યુટી કલેક્ટર,
Dy.S.P, મામલતદાર, PI, ACF,
RFO, Dy.S.O., STI, PSI,
કોન્સ્ટેબલ, તલાટી, હાઈકોર્ટ કલાર્ક,
ATDO, બિનસચિવાલય કલાર્ક,
જુ.કલાર્ક, સિ.કલાર્ક,
TET / TAT-HTAT,
રેલવે (RRB), BANK IBPS, SSC
&
Other Competitive Exams

5000 થી વધુ
સફળ ઉમેદવારો



સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે ગુજરાતમાં સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન...

YUVA UPNISHAD PUBLICATION

PUBLISHER OF COMPETITIVE EXAM BOOKS

Amazone.in પર
સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની
શ્રેણીમાં સૌથી વધુ ટોચનો રેન્ક
મેળવનાર
ગુજરાતનું એકમાત્ર પ્રકાશન




દર મહિને પ્રકાશિત થતું
'વર્તમાન પ્રવાહ'
મેગેઝીન




110 થી વધુ
પ્રકાશિત પુસ્તકો

યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશન અને પબ્લિકેશનનું નવું સોપાન

YUVA UPNISHAD FOUNDATION ONLINE APPLICATION

DOWNLOAD NOW
YUVA UPNISHAD FOUNDATION

AVAILABLE ON
Play Store
App Store

Follow us on : / Yuva Upnishad Foundation

# “ શુભેચ્છા ”



## સ્વ. સાકરબેન ભેંસાણીઆ

માહ્યાવંશી સમાજનું ગૌરવ સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ( માહ્યાવંશી સમાજ )સર્વોદય મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ. માહ્યાવંશી સમાજની મહિલાઓ આર્થિક ઉન્નતિ માટે, માહ્યાવંશી સમાજની મહિલાઓ દ્વારા, મહિલાઓ માટે અને મહિલાઓ વડે સંચાલિત માહ્યાવંશી એજ્યુકેશનલ એન્ડ ચેરિબલ ટ્રસ્ટ,  સમાજ એજ્યુકેશન થકી પ્રગતિના પંથે સ્વ. સાકરબેન ભેંસાણીઆ પરિવારની ત્રણે સંસ્થાઓને હાર્દિક શુભેચ્છા.

# " શુભેચ્છા "



## નવિનભાઈ વરોલિયા

સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ની સને ૧૯૯૫ની સ્થાપનાના દિન થી પાયાના કાર્યકર તરીકે અને મારી દીકરીએ સંસ્થાનું સુચવેલ નામકરણ " સ્નેહ સંકુલ " માટે અમે ગૌરવ અનુભવીએ છે.

સ્નેહ સંકુલની ૩૦ વરસની યશસવી સફર માટે અને સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર, વેબસાઈટ લોન્ચિંગ અને સ્નેહ સંકુલ ની સફર પુસ્તિકા વિમોચન માટે સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ને આ નવનીત કાર્ય માટે વરોલીઆ ફેમીલીની હાર્દિક શુભેચ્છા.

-નવિનભાઈ વરોલિયા ફેમીલી.

સ્નેહ સંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન સન- ૧૯૫૦ ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ બાબતના અધિનિયમ ની કલમ ૪૧ અન્વયે નોંધણી નં.ઈ-૩૭૨૩ થી નોંધાયેલ છે. આ સંદર્ભે સમાજના કેટલાક ભાઈઓ દ્વારા નોંધણી નં.ઈ-૩૭૨૩ ના સંદર્ભે બી.પી.ટી. એક્ટ ૧૯૯૫ ની કલમ અન્વયે ટ્રસ્ટ ઈન્ક્વાયરી નં.૧૧/૯૬ બાબત તા.૨-૧-૧૯૯૬ ના રોજ વિ.મદદનીશ રોટરી કમિશ્નરની ટ્રસ્ટ નોંધણી અંગેના જાહેર કરેલ ફાઈડિંગ અને હુકમ વિરુધ્ધની રીવી.અરજી સ્વ.શ્રી ચંપકભાઈ લાલચંદ કંથારીયા અને બીજા ટ્રસ્ટીઓ વિગેરેને પક્ષકાર બનાવી સ્નેહસંકુલ પ્રતિષ્ઠાન ટ્રસ્ટની નોંધણી સામે મે.સંયુક્ત ચેરીટી કમિશ્નર સાહેબ સુરતની કોરટમાં ઈન્ક્વાયરી નં.૧૧ સને ૧૯૯૬ ની રીવીઝન અરજી દાખલ કરી ટ્રસ્ટનાં રજીસ્ટ્રેશન સામે વાંધો ઉઠાવેલ, આ સંદર્ભે મે.સંયુક્ત ચેરીટી કમિશ્નર સાહેબ, સુરતની કોરટમાં એમના રીવીઝન ૫/૨૦૦૧ નો હુકમ કરવામાં આવેલ, આ હુકમની વિગત નીચે મુજબ છે.

## હુકમની વિગત

મે.સંયુક્ત ચેરીટી કમિશ્નર સાહેબ ઉપરોક્ત હુકમથી જાહેર કરેલ ઈન્ક્વાયરી હાલમાં મે.આસી.ચેરીટી કમિશ્નર સાહેબશ્રીની કોરટમાં ચાલી રહેલ છે, જે અંગે ચાલી રહેલ સુનાવણીના ઠરાવોમાં ટ્રસ્ટનાં વકીલ શ્રી હાજર રહે છે.અરજદારોની રીવીઝન અરજી ગ્રાહ્ય રાખવામા આવે છે. સુરતના વિધ્વાન મદદનીશ ચેરીટી કમિશ્નરે ઈ-૩૭૨૩/સુરતથી ટ્રસ્ટ નોંધણીનો હુકમ કરેલ છે. તે અંગે ઉભય પક્ષકારો ટ્રસ્ટનું અસ્તિત્વ હોવાનું સ્વીકારે છે. આથી, મદદનીશ ચેરીટી કમિશ્નર સુરતે હાલમાં આ ટ્રસ્ટ નોંધણીનો નંબર યથાવત રાખી ૧૪ સ્ટેચરી ઈશ્યૂ નં.૧ ટ્રસ્ટનું અસ્તિત્વ છે તે સિવાયના ૧૩ મુદ્દાઓ અંગે નવેસરથી ઈન્ક્વાયરી કરી આ પ્રકરણના તમામ સબંધિત પક્ષકારોને તક આપી સાંભળવાની નોટીસ કરી વાદગ્રસ્ત ટ્રસ્ટ ફક્ત માહયાવંશી સમાજ પૂરતું સીમિત છે કે કેમ? તે અંગે નવેસરથી ઈન્ક્વાયરી કરવાની રહેશે. આથી મદદનીશ ચેરીટી કમિશ્નર સુરતે ટ્રસ્ટ ઈન્ક્વાયરીથી જાહેર કરેલ ફાઈન્ડીગ્સ રિપોર્ટ નં.૨ થી ૧૪ રદ કરવામાં આવે છે અને તે અંગે નવેસરથી ઈન્ક્વાયરી કરી નવેસરથી ફાઈન્ડીગ્સ આપી મુદ્દા નં.૨ થી ૩ ના સંદર્ભે નવેસરથી ટ્રસ્ટ નોંધણીની વિગતો જાહેર કરવાનો હુકમ કરવાનો રહેશે. આથી મુદ્દા નં.૧ પ્રમાણે ટ્રસ્ટ અસ્તિત્વમાં છે અને આવું ટ્રસ્ટ જાહેર છે તે સિવાયના મુદ્દાઓની નવેસરથી ઈન્ક્વાયરી કરવાની રહેશે. પરંતુ આ અંગે મદનીશ ચેરીટી કમિશ્નર આખરી નિર્ણય કરે નહી ત્યાં સુધી હાલના ટ્રસ્ટીઓ આ ટ્રસ્ટના ડીડ ટ્રસ્ટીઓ રહેશે અને એવો કામચલાઉ ટ્રસ્ટીઓ તરીકે કાર્ય કરી શકશે. આ હુકમની જાણ સંબંધિત પક્ષકારો અને ધારાશાસ્ત્રીઓને કરવી, ઠરાવની સંપૂર્ણ નકલ મદદનીશ ચેરીટી કમિશ્નર સુરતને મોકલી આપવી. અત્રે સુરતનું મંગાવેલું રેકર્ડ મદદનીશ ચેરીટી કમિશ્નર સુરતને પરત કરવું. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી. અરજદારની રીવીઝન અરજી અંશતઃ ગ્રાહ્ય રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ: સુરત
તા.૧૬-૪-૨૦૦૫
સંયુક્ત ચેરીટી કમિશ્નર સુરત વિભાગ, સુરત

સંયુક્ત ચેરીટી કમિશ્નર
સુરત વિભાગ, સુરત

## શુભેચ્છા સહ..

**જ્યાં સુધી તમે પોતાના પર વિશ્વાસ નહી કરો**
**ત્યાં સુધી ભગવાન પણ તમારા પર વિશ્વાસ નહી કરે**

- સ્વામી વિવેકાનંદ



**હિતેષ એમ. ઉમરીયા (પત્રકાર)**
**પ્રતિભા એચ. ઉમરીયા**

એ/૫૪, ભાગ્યલક્ષ્મી સોસાયટી,
રામનગર, રાંદેર રોડ, સુરત

**+91 9328588888, +91 9825260404**




SINCE 1945

Taste of Heritage

Zampa Bazar, Surat. 7436000094

Chowk Bazar, Surat. 7436000049

Honey park road, Adajan, Surat. 7436000067